Extra No. 154

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, APRIL 8, 2025 / CHAITRA 18, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આદિજાતિ વિકાસ વિભાગ**-ના તારીખઃ **૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૫**ના જાહેરનામા ક્રમાંકઃ **જીટીડી/૦૪/૨૦૨૫/ટીડીડી/પીયુઆર/ઈ-ફાઈલ/૨૫/૨૦૨૩/૦૩૪૬/ખ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ડી. એમ. ભાભોર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Assistant Tribal Development Officer, Class III (Pre-Service Training and Passing of Post-training Examination) Rules, 2019

મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૩, (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૧૯ સુધારવા સંબંધી જાહેરનામું

આદિજાતિ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીટીડી/૦૪/૨૦૨૫/ટીડીડી/પીયુઆર/ઈ-ફાઈલ/૨૫/૨૦૨૩/૦૩૪૬/ખ: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૩, (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૧૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૩, (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૩, (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા બાબત) નિયમો, ૨૦૧૯ માં, નિયમ-૯માં,-

(૧) પેટા-નિયમ (૨)માં, “સાઠ ટકા” એ શબ્દોને બદલે, “પચાસ ટકા” એ શબ્દો મૂકવા.

(૨) પેટા-નિયમ (૨) પછી, નીચેનો પેટા-નિયમ ઉમેરવો;

“(૩) ઉમેદવારે માત્ર એક પ્રશ્નપત્રમાં લાયકી ધોરણ મેળવવા સક્ષમ ન હોય તો તે કિસ્સામાં, આવા ઉમેદવારને તેવા પ્રશ્નપત્ર માટે કુલ ગુણના પાંચ (૫) ટકા સુધીના કૃપા ગુણ આપવામાં આવશે અને ત્યારપછી, જો તે લાયકી ધોરણને સમકક્ષ અથવા તેથી વધુ ગુણ મેળવે છે તો તેને પરીક્ષામાં પાસ થયેલો જાહેર કરવામાં આવશે.”

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનિષ શાહ,

સરકારના સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.04.12 10:04:42 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar